# તિક્ષ્ણ હથિયારથી ૮ ઘા ઝીંકીને યુવાનની ક્રૂરતાથી હત્યા

### ઝુંડાલ કેનાલ નજીક મૃતદેહ ઢસડીને ફેંકી દેવાયો : મોં પરથી કારનું ટાયર ફેરવી દીધુ હોવાની પણ શંકા : તપાસમાં મેમનગરના પસ્તી ઉઘરાવતા યુવાનનો મૃતદેહ હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીકની ઝુંડાલ નર્મદા કેનાલથી અડાલજ કેનાલ તરફ જતા કાચા રસ્તા પરથી આજે સવારના અરસામાં એક યુવાનનો કરપીણ હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ પેનલ ડૉક્ટરથી પી.એમ. કરાવી હત્યાનું રહસ્ય બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. મેમનગર વિસ્તારમાં પસ્તી ઉઘરાવતા રાજસ્થાની યુવાનનો મૃતદેહ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. યુવકના પેટ અને છાતીના ભાગે તિક્ષ્ણ હથિયારના ૮ જેટલા ઘા હોવાનું પણ જાણવા મળ્યું છે.

સાડા અગીયાર વાગ્યાના અરસામાં એક રાહદારીએ ઝુંડાલ કેનાલથી અડાલજ કેનાલ જતાં કાચા રસ્તા ઉપર યુવાનનો મૃતદેહ જોઈ પોલીસને જાણ કરી હતી. અડાલજ પોલીસે ઘટનાસ્થળે જઈને તપાસ કરી તો મૃતદેહ ઢસડીને ત્યાં મુકાયો હોવાના નિશાન મળ્યા હતા. થોડે દૂર લોહી પણ જોવા મળ્યું હતું. માથાના ભાગેથી કોઈ વાહનનું ટાયર ચઢાવી દેવાયું હોવા તે પ્રકારની ખુબ જ ગંભીર ઈજાઓ હતી અને શરીરે પેટ અને છાતીના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે ઘા મરાયા હોય તેવા આઠેક નિશાન મળી આવ્યા હતા. મૃતક યુવાનના પેન્ટમાંથી મળી આવેલા ચૂંટણીકાર્ડને આધારે તેની ઓળખ થઈ જેમાં જાણવા મળ્યું કે મુળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના રાયપુર તાલુકા વિસ્તારનો અને હાલ મેમનગર અમદાવાદ વિસ્તારમાં રહીને પસ્તી ઉઘરાવવાનો ધંધો કરતો ૨૫ વર્ષિય ગજાનંદ ડુંગાજી કુમાવતનો મૃતદેહ છે. અડાલજ પી.આઈ. એસ.એસ. ગઢવીએ મૃતદેહ ગાંધીનગર સિવિલ હોપિટલ મોકલીને પેનલ ડોક્ટર વડે પોસ્ટ મોર્ટમ કરાવ્યું હતું. ઘટના સ્થળે એફએસએલ અને ડોડા સ્કવોર્ડ મોકલી તપાસ શરૂ કરવામાં આવી છે. મૃતકના પરિવારજનોની પુછતાછમાં તેમણે કોઈના પર શંકા વ્યક્ત કરી નથી. પોલીસે ગુનો દાખલ કરીને હત્યારા સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ખિસ્સામાંથી ૧૦ હજાર રોકડા મળ્યા..!

મૃતક યુવાનના પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૧૦ હજાર રોકડા મળી આવ્યા છે. જેથી આ હત્યા પાછળ લુંટ હોવાની શક્યતા નહીવત છે પરંતુ મૃતક યુવાનના શરીરે શર્ટ ન હતો. જેથી કોઈ અંગત અદાવત કે આડા સંબંધોને કારણે હત્યા કરવામાં આવી હોવાની શક્યતાને આધારે પોલીસ તે દિશામાં ચલાવી રહી છે.

## રંગમંચલક્ષી કલાક્ષેત્રના કલાકારો આજે ગૌરવ પુરસ્કારથી સન્માનાશે

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા સંગીત, નૃત્ય, નાટક અને લોકકલાક્ષેત્રના વર્ષ ૨૦૧૨-૧૩ માટેના પસંદગી પામેલ કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવા માટેનો સમારંભ આવતીકાલે તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ રાત્રિના ૮.૦૦ વાગ્યે ભાઈકાકા ભવન, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે. વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે ઈનામો અપાશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે રાજ્યકક્ષાના મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા તથા શ્રી મીનાક્ષીબેન પટેલ મેયરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપસ્થિત રહેશે. નાટ્યક્ષેત્રે સર્વશ્રી ભીમ વાકાણી, અમદાવાદ, પ્રિયકાન્ત મહેતા, અમદાવાદ, ભરતકુમાર વ્યાસ, હિંમતનગર, સંગીતક્ષેત્રે નયન પંચોલી, અમદાવાદ, વિનોદ પટેલ, રાજકોટ, ડૉ. ધારી પંચમદા, અમદાવાદ, નૃત્યક્ષેત્રે સ્વાતી અજય મહેતા, જામનગર, સુપ્રવા મિશ્રા, અમદાવાદ, ડૉ. કાજલ મૂળે, ભાવનગર અને લોકલાક્ષેત્રે જોરાવરસિંહ જાદવ, અમદાવાદ, ઈન્દિરાબેન શ્રીમાળી, અમદાવાદ, બિહારી હેમુ ગઢવી, રાજકોટને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. આ સન્માનમાં રૂ. ૫૧,૦૦૦ અને શાલ, તામ્રપત્ર આપવામાં આવે છે. આ પ્રસંગે કલાકારોને બિરદાવવા તથા સન્માનિત કરવા રસ ધરાવતા મહાનુભાવોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દહેગામના ધારાસભ્ય કામિનીબેનની નાની બહેનનો ફાંસો ખાઈ આપઘાત

### અંતિમ પગલા પાછળ કોઈ જવાબદાર ન હોવાનાં લખાણ વાળી સ્યુસાઈડ નોટ મળી : અપરિણીત યુવતી ગાંધીનગરની કોલેજમાં એમ.કોમ. કરતી હતી : માતા-પિતા મંદિરે દર્શન કરવા ગયા તે સમયે ભરેલું પગલું

ગાંધીનગર, તા. ૨૧

દહેગામના ધારાસભ્ય કામિનીબેન રાઠોડની નાની બહેને આજે સવારના અરસામાં પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. હુક સાથે કોટન દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ તેણીએ સ્યુસાઈડ કરી લીધું હતું. મૃતદેહ પાસેથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે જેમાં મૃત્યુ પાછળ કોઈ જવાબદાર ન હોવાનો ઉલ્લેખ છે. દહેગામ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ઊંડી તપાસ શરુ કરી છે.

ધારાસભ્ય કામિનીબેન રાઠોડની નાની બહેન ૨૪ વર્ષીય ચિરાગી ઊર્ફે કાજોલ કનુભાઈ ભાવસાર ગાંધીનગર ખાતેની એક કોલેજમાં એમ.કોમ.માં અભ્યાસ કરતી હતી. અપરિણીત ચિરાગી તેણીના માતા પિતા સાથે દહેગામના ધોબીયા ઓટલા નજીક, અમીન વાડા ખાતે રહેતી હતી. આજે સવારના દશેક વાગ્યાના સુમારે ચિરાગી ઘરે હતી અને માતા પિતા દહેગામના જુના બજારમાં સ્થિત ગોપાલજી મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને માતા પિતા ઘરે અડધા કલાક બાદ પહોંચ્યા તો દરવાજો અંદરથી બંધ હતો. થોડો સમય દરવાજો ખટખટાવ્યા છતાં અંદરથી કોઈ જવાબ ન મળતા ગભરાયેલા જીવે માતા પિતાએ દરવાજો તોડી નાંખ્યો હતો. અંદર રૂમમાં પ્રવેશીને જોયું તો ચિરાગીએ છતના હુક સાથે કોટન દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધેલી હાલતમાં હતી. માતા પિતાના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ હતી. દહેગામ પોલીસને આ ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. ત્યાંથી એક નોટ મળી આવી છે. બેલીટીની આ સ્યુસાઈડ નોટમાં લખેલું છે કે તે જીંદગીથી કંટાળી ગઈ છે અને મૃત્યુ પાછળ કોઈ જવાબદાર નથી. દહેગામ પોલીસે ચિઠ્ઠી કબજે લઈને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું ચોકક્સ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## ગાંધીનગરમાં ડુંગળીની માંગ ઘટી ઘર વપરાશમાં ધરખમ ઘટાડો નોંધાયો

### *ગૃહિણીઓએ ડુંગળીની ખરીદીમાં કાપ મુક્યો*

ગાંધીનગર, તા. ૨૧

ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળી હાલમાં તેના ભાવ થકી સમગ્ર દેશમાં વિવાદે ચડી છે. દરેક ઘરમાં લગભગ ઉપયોગી થતી ડુંગળીએ ગૃહિણીઓને ભાવ થકી દઝાડી મુકી છે. જેથી પચાસ રહેવાસીઓના એક ડુંગળી ૩૦ ટકા જેટલી જ ખરીદીએ છીએ. આ અંગે રીટાબેન પટેલે ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડુંગળી રસોઈની રાણી ગણાય તે વાત સાચી પરંતુ સમગ્ર શાકભાજીના ભાવ અને ડુંગળીના એકલીના ભાવ એ બંને વચ્ચેના તફાવતને સરખા કરી હાલમાં શાકભાજી



કરેલા સર્વે મુજબ ગૃહીણીઓએ ડુંગળીની ખરીદીમાં ૬૦ થી ૭૦ ટકા કાપ મુકી દીધો છે. જેની અસરને શાકભાજીના વેપારીઓ માંગમાં આવેલી ઘટ તરીકે જણાવી રહ્યા છે. જેનું ધરખમ ઘટાડા સાથે અત્યાર સુધી સૌથી વધુ નુકસાન સાબિત થઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં ડુંગળીની ગૃહિણીઓએ ખરીદી ઓછી કરી નાખી છે. સેક્ટર-૨૩, ૨૪, ૨૪, ૨૬ અને ૨૨ના મધ્યમવર્ગીય ૫૦ ઘરોમાં અમોએ કરેલા આ અંગેના સર્વેમાં આ ઘરની ગૃહિણીઓએ જણાવ્યું હતું કે પહેલા ડુંગળી અને બટાકાની અમો વધુ ખરીદી કરતા હતા અને તેનો વપરાશ પણ વધુ હતો. પરંતુ અસહ્ય ભાવ થઈ જતા અમો હાલમાં ખરીદીએ છીએ.

શાકભાજીનો છુટક વેપાર કરતા બાબુભાઈ રાવળે જણાવ્યું હતું કે ડુંગળીનો ઘરવપરાશ ઘટી જતાં હાલમાં ડુંગળીની માંગમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. જો કે અમો પણ ખરીદીમાં કાપ મુકી જરુરિયાત પ્રમાણે માલ મંગાવીએ છીએ. ગાંધીનગરના ૨૧ના શાકમાર્કેટ અને ૨૪ના શાકમાર્કેટમાં ગૃહિણીઓ ડુંગળી બાબતે પૃછા પણ ન કરતી હોવાની સ્થિતિ સર્જાઈ છે. જો કે ડુંગળી ગરીબો માટે કસ્તુરી ગણાય છે અને તે તેમની પ્રિય શાકભાજી હોવાથી નિયમિત તેને ખોરાકમાં લે છે. પરંતુ તેમનું બજેટ ખોરવાઈ જતા તેઓ પણ નિસાસા નાંખી રહ્યા છે.

## વડોદરા-આણંદની મેમુ ટ્રેન આજે કેપીટલ સ્ટેશન આવશે નહીં

### અમદાવાદ રીપેરીંગ કામ ચાલુ હોવાથી ટ્રેન બંધ રહેશે

ગાંધીનગર, તા. ૨૧

અમદાવાદ ખાતે રેલવે લાઈનમાં રીપેરીંગ કામ ચાલુ હોવાથી આજે કેપીટલ સ્ટેશન પર વડોદરા-આણંદની મેમુ ટ્રેઈન આવશે નહીં. ત્યારબાદ સોમવારથી રૂટીન સિડ્યુઅલ મુજબ ટ્રેઈન નિયત રૂટમાં દોડશે.

કેપીટલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે સ્ટેશન વિરામ બાદ જરૂરી ટ્રેઈન સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. હાલ કેપીટલ સ્ટેશનના ટ્રેક પર હરિદ્વાર, મુંબઈ, ઈન્દોર તેમજ વડોદરા-આણંદની મેમુ ટ્રેઈન સહીત રોજ ચાર ટ્રેઈનની અવર-જવર રહે છે. મુસાફરોને ટ્રેઈન સહીત અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવા પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ ખાતે જરૂરી રીપેરીંગ કામ ચાલુ હોવાથી બે દિવસ માટે ગાંધીનગરથી આણંદ અને ગાંધીનગર-વડોદરા રૂટની મેમુ ટ્રેઈન બંધ રહેશે. તા. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરના રોજ કેપીટલ સ્ટેશન પરથી આ ટ્રેઈન સેવા ઉપલબ્ધ થશે નહી. જ્યારે ૨૨મીએ સાંજે આણંદની મેમુ ટ્રેઈન આવશે. અલબત્ત માત્ર રીપેરીંગ કામના લીધે જ આ બે દિવસ ટ્રેઈન બંધ રાખવામાં આવી છે. જ્યારે ૨૩ સપ્ટેમ્બરથી રૂટીન સમય મુજબ આ ટ્રેઈન સેવા મુસાફરોને ઉપલબ્ધ થશે તમ મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે નાગરિકોની જાણકારી માટે જણાવ્યું છે.

## અનામી મૃતકોની શ્રાદ્ધ વિધી કરાશે

ગાંધીનગર, તા. ૨૧

દર વર્ષની માફક આ વર્ષે પણ શહેરની જુનિયર સીટીઝન કાઉન્સીલ સંસ્થા દ્વારા ગત વર્ષ દરમ્યાન અંતિમવિધિ કરાયેલ ૩૧ અનામી મૃતકોના આત્માની શાંતિ અર્થે શ્રદ્ધાંજલિનું રવિવાર તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં આયોજન કરેલ છે.

શ્રાદ્ધપક્ષ ચાલી રહ્યો છે ત્યારે જુનિયર સીટીઝન કાઉન્સીલ દ્વારા અનામી મૃતકોની શ્રાદ્ધ વિધી કરવામાં આવનાર છે. સાથે ભગવાન સત્યનારાયણની કથાનું પણ આયોજન કરાયું છે. શ્રાદ્ધ વિધીમાં મુકબધિર શાળાના બાળકો, એચ. આઈ. વી. ગ્રસ્ત બાળકો તેમજ વૃદ્ધાશ્રમના વડીલોને ભોજન કરાવી તૃપ્ત કરવામાં આવશે. જુનિયર સીટીઝન કાઉન્સિલે નગરજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.



શહેરની રોટરી કલબ ઓફ કેપીટલ સંસ્થા દ્વારા સેક્ટર-૧૨ ખાતે સ્પીકર મીટીંગનું આયોજન કરાયું હતું. સંસ્થાના પ્રેસીડેન્ટ પી.એચ. ગોહિલના અધ્યક્ષસ્થાને મળેલ આ મીટીંગમાં કોમ્પ્યુટર એન્જીનીયર સુરેલ સરૈયાએ ગાંધીનગર રોટરી કલબ વતી યુએસઈ ટીમમાં વિદેશ પ્રવાસના અનુભવો વર્ણવ્યા હતા. આ મીટીંગમાં સંસ્થાના પાસ્ટ આસીસ્ટન્ટ ગર્વનર શ્રીમતી અમી શાહ સહિત અન્ય રોટેરીયનો જેવા કે બળદેવ પટેલ, મહેન્દ્ર ભાવસાર, કિંજલ તેમજ મનોજ સરૈયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન રોટેરીયનો વચ્ચે એક પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## મત્સ્યઉદ્યોગ ખાતા દ્વારા નિમણૂંક હૂકમ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

મત્સ્યઉદ્યોગ ખાતાની વર્ગ-૩ વિવિધ સંવર્ગોની સીધી ભરતીથી પસંદ પામેલ ઉમેદવારોનો નિમણૂંક હૂકમ વિતરણ સમારોહ આજરોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાયો હતો. મત્સ્યોદ્યોગ મંત્રી બાબુભાઈ બોખરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સમારોહમાં પસંદગી પામેલ ઉમેદવારો સહિત તેમના વાલી, સરકારી અધિકારીઓ અને સચિવાલય ખાતેના કર્મચારીઓ પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સમારોહમાં રાજ્યકક્ષાના મત્સ્યોદ્યોગ મંત્રી લીલાધર વાઘેલાએ મુખ્ય મહેમાન પદ શોભાવ્યું હતું. ખાતાના સચિવ ડી.એસ. બ્રહ્મભટ્ટ, ઉદ્યોગ કમિશ્નર પી.એસ. દરબાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વણકર સમાજની સામાન્ય સભા

શહેરની સંસ્થા શ્રી ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજની સામાન્ય સભા તા. ૨૨ની સપ્ટેમ્બર રવિવારે ડૉ. આંબેડકર ભવન ખાતે સંસ્થાના પ્રમુખ મધુકર પરમારના અધ્યક્ષતામાં મળશે. જેમાં સંસ્થાના દરેક સભ્યોને હાજર રહેવાની તાકીદ કરવામાં આવી છે.




SANGHI CEMENT · KisaN · VINAYAK 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

### તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૫૭ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ધ લન્ચ બૉક્ષ : ૯.૪૫, ૩.૧૦, ૫.૩૫, ૧૦.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૧૨.૧૦
શુદ્ધ દેશી રોમાન્સ : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
ફટા પૉસ્ટર નીકલા હીરો: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સીટી પ્લસ**

: સ્ક્રીન-૧ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
ગ્રાન્ડ મસ્તી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
૨ ગન્સ(અંગ્રેજી) : ૪.૩૦, ૭.૧૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૦૦
લન્ચબૉક્ષ : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૧૫
શુદ્ધ દેશી રોમાન્સ : ૫.૩૦

**સૂર્યા, વાવોલ**

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
ગ્રાન્ડ મસ્તી : ૨.૦૦, ૮.૦૦

**ચિરાગ, કલોલ**

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- શિવરંજની નવપલ્લવિત દશાબ્દી વર્ષ ૨૦૧૩-૧૪ નિમિત્તે રાત્રે ૯.૩૦ કલાકે સ્વરોત્સવ ઉત્સવ- ૨ 'હાલો માનવીયુંને... મેળે..' લોકસંગીત- લોકવાર્તાની રમઝટ.

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. સુબોધભાઈ જમનાદાસ ગજ્જર(ઉ.વ.૭૯) ટ્વીન્સ એપાર્ટમેન્ટ, મણીનગર, અમદાવા.
- સ્વ. ગીરીશભાઈ અજમલભાઈ ઠાકોર(ઉ.વ.૩૫)મુ.પો. માણસા, તા, માણસા, ગાંધીનગર.
- સ્વ. ઈન્દ્રવદનભાઈ કેશવલાલ નાયક(ઉ.વ.૭૬) પ્લોટ નં. ૮૭૧/ ૨, સેક્ટર- ૭/સી, ગાંધીનગર.